**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

## મચ્છરોને બેકટેરિયા અને પરસેવો વધારે પસંદ હોય છે તેથી ઉનાળામાં પણ મચ્છરોનો ત્રાસ વધવા પામ્યો છે

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં ગરમીની મોસમમાં મચ્છરોનો આતંક વધી ગયો છે. બદલાતા વાતાવરણમાં મચ્છરોના ત્રાસથી શહેરીજનો કંટાળી ગયા છે. ઉનાળામાં ગરમીથી રાહત મળે તે માટે શહેરીજનો રાત્રે ધાબા પર નિરાંતે સૂવાનું પસંદ કરે છે પરંતુ મચ્છરોના ઉપદ્રવના કારણે આ વખતે ધાબા પણ સૂમસાન બની રહ્યા છે. મચ્છરદાની વગર શહેરીજનો નિરાંતથી સૂઈ શકે તેવો માહોલ નથી. શહેરમાં ઘરે ઘરે મચ્છરોનો ઉપદ્રવ થઈ ગયો છે.

વર્ષની એક પણ ઋતુ એવી નથી હોતી કે જયારે મચ્છરોનો ત્રાસ ન હોય. શિયાળો હોય, ઉનાળો હોય, ચોમાસુ હોય કે પછી બેવડી ઋતુ હોય. દરેક સિઝનમાં નાના-મોટા સહુને મચ્છર પરેશાન કરતા હોય છે અને તેના કારણે ગંભીર બિમારીઓ પણ ફેલાય છે. મચ્છરથી મેલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યુ વિગેરે ઘણી બિમારીઓ થઈ રહી છે અને જો તેનો યોગ્ય સમયે યોગ્ય ઉપાય ન થાય તો સ્થિતિ ગંભીર પણ બની શકે છે.



**મચ્છર ફેલાવવાના કારણ**

મચ્છરોનો ઉપદ્રવ ખાસ કરીને ભેજવાળા તેમજ ઠંડા વાતાવરણમાં વધારે જોવા મળે છે તે ખાસ કરીને સ્થિર પાણી જેવા કે તળાવ, ખાડામાં ભરાયેલા પાણી, અંધારા કે જયાં સૂર્યપ્રકાશ ન પહોંચતો હોય તેવા ભેજયુકત વાતાવરણમાં વધારે ફેલાય છે. મચ્છરોને બેકટેરિયા અને પરસેવો પસંદ હોય છે તેથી ઉનાળામાં મચ્છરો વધી ગયા છે.

મચ્છરમાં બે પ્રકાર હોય છે. માદા અને નર. તેમાંથી માદા મચ્છર જ મનુષ્ય તેમજ અન્ય જીવોના લોહી ચુસી પોતાનું અસ્તિત્વ ટકાવે છે જયારે નર મચ્છરો વનસ્પતિનો ચુસીને અસ્તિત્વ જાળવી રાખે છે. દર વર્ષે માત્ર મચ્છર કરડવાથી ઘણા બધા નાગરિકો બિમારીનો ભોગ બને છે.

**મચ્છરોથી દૂર રહેવાના ત્વરિત ઉપાયો**

બજારમાં મળતી ઓડોમોસ ક્રીમથી મચ્છર સામે રક્ષણ મેળવી શકાય છે તથા ત્વચાને કોઈ એલર્જી થતી નથી.

ઘરમાં ગુગળ ધૂપ કરવો જોઈએ કપૂર ઘરમાં સળગાવી શકાય છે.

મચ્છર મારવાના લિકવિડ જે બજારમાં ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરવો જોઈએ.

લસણની કળીને વાટીને તેને પાણીમાં ઉકાળવાથી તેનાથી જે વરાળ ઘરમાં ફેલાય છે તેનાથી મચ્છરો ભાગે છે આ પાણીને ઘરના ખૂણે ખૂણે સ્પ્રે કરવું જોઈએ. તમારી આસપાસ કયાંય પણ પાણી ન જમા થવા દો.

## ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા શ્રમિક બહેનોને હાઈજેનિક કીટ વિતરણ

ગાંધીનગર, તા.૧૯

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી-ગુજરાત રાજય શાખાનાં સહયોગથી ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા દર માસે ૧૦૦ શ્રમિક બહેનોને હાઈજેનિક કીટ (ટુથપેસ્ટ-બ્રશ-કોકોનેટ તેલ-લેઝર-ન્હાવા-કપડાં ધોવાના સાબુ-રૂમાલ-સેનેટરી પેડ)નું વિતરણ કરવામાં આવે છે. જે અનુસંધાને માણસા તાલુકાનાં ધોળાકુવા ગામની બાજુમાં આવેલા 'વેસ્ટર્ન એગ્રીસીડસ' ફાર્મ પર કામ કરતી ગ્રામ્ય શ્રમિક બહેનોને પ.પુ. વંદનીય કૈલાશદીદી બ્રહ્માકુમારીઝ સે-૨૮ કેન્દ્ર, મહેન્દ્રભાઈ ત્રિવેદી-પૂર્વ ગૃહમંત્રી-ગુજરાત રાજય, વેસ્ટર્ન એગ્રીસીડસના માલિક અને ભામાશા એન.પી. પટેલ, ડૉ. પ્રદિપભાઈ ગગલાણી, દિનેશભાઈ વ્યાસ-રેડક્રોસ-માણસા, ગોવિંદભાઈ આહીર, રમેશભાઈ પટેલ-કેપિટલ ઓફસેટ, ડૉ. એકતાબેન પટેલ, મગનભાઈ કાકડીયા અને પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલના હસ્તે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગાંધીનગર જિલ્લા રેડક્રોસના ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાણી બચાવો-પર્યાવરણ બચાવોના હેતુસર ભારત ભ્રમણના સાયકલ યાત્રી ગાંધીનગર પહોંચ્યા




ગાંધીનગર, તા.૧૯

'પાણી બચાવો, પર્યાવરણ બચાવો'ના ઉદ્દેશ્ય સાથે હરિયાણાના રહેવાસી સુભાષચંદ્ર સાયકલ દ્વારા ભારત ભ્રમણ કરી રહ્યા છે. તેઓ હરિયાણા, રાજસ્થાન, બિહાર, નેપાળ, પશ્ચિમ બંગાળ, ઉડિશા, તેલંગાણા, તમિલનાડુ, કેરાલા, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર થઈને ગુજરાત પહોંચ્યા હતા. સુભાષચંદ્ર અત્યાર સુધીમાં ૧૫૩૦૦૦ કિમી કરતા વધારે સાયકલ યાત્રા કરી ચુકયા છે અને હજી ૨૦૦૦ કિમી કરતા વધારે યાત્રા બાકી છે. તેઓ આ સાયકલ યાત્રા છેલ્લા ૧૪ મહિનાથી કરી રહ્યા છે. તેઓએ ગુજરાતમાં ભાવનગર, અમરેલી, જુનાગઢ, દ્વારકા, મોરબી, ગાંધીનગર જેવા શહેરમાં ફરીને સાયકલયાત્રા કરી હતી. તેઓને ગુજરાતના દરેક શહેરોમાં ખુબ જ સત્કાર-આવકાર મળ્યો તે બદલ તેમણે ખૂબ આભાર વ્યકત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે ગુજરાતના લોકો ખૂબ ધાર્મિક છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ખૂબ જ સારું કાર્ય કરી રહી છે.

## વાસણ ગામે મુક્તિધામમાં 'સુંદરકાંડ પાઠ' યોજાયો






વાસણ ગામે મુક્તિધામમાં 'સુંદરકાંડ પાઠ' યોજાયો હતો. ગુજરાત રાજ્ય શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ રુચીર ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, માજી જિલ્લા સદસ્ય શુશીલાબા વાઘેલા, ગાંધીનગરના અગ્રણી અંબુસિંહ ગોલ, સરપંચ વિજયસિંહ વાઘેલા, તલાટી પ્રિતિબેન અને રાજકીય મહેમાનો સાથે સમાજના જુદા-જુદા અગ્રણીઓની હાજરીમાં ભારતીબાપુના મુખે 'સુંદરકાંડ પાઠ' યોજાયો હતો. સમગ્ર આયોજન સ્વામી કિશ્રૃણાનંદ મહામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સાથે ૧૮ થી વધુ આનંદ ગરબા મંડળ અને ભજન મંડળની હાજરીમાં આ સમગ્ર આયોજન સફળ થયું હતું.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામમાં ચોખાનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૧૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડામાં ૭૨ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભાટાઈમાં ૪ જેટલા લાભાર્થીને આ કીટનું વિતરણ કરાયું હતું. જેમાં અમૃતભાઈ, મિલિન્દભાઈ, વિપુલ ભાઈએ સાથે રહી સેવાકાર્ય કર્યું હતું. સમગ્ર કાર્યનું દાન ડૉ. સુરેશ શાહે કર્યું હતું.



## માઉન્ટ આબુ ખાતે ટ્રેકિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

યુનિવર્સલ એકસપ્લોરર ગ્રુપ ગાંધીનગર દ્વારા તારીખ ૩૧ મે થી ૨ જૂન દરમિયાન માઉન્ટ આબુ ખાતે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોઈપણ વ્યક્તિ ટ્રેકિંગ કેમ્પમાં જોડાઈ શકે છે. કેમ્પ દરમિયાન કલાઈમ્બીંગ, રેપલિંગ, જંગલ ટ્રેકિંગ, માઉન્ટ વોક, કેવિંગ, સાઈટસીન, એન્જોયબલ ગેમ્સ તથા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. કેમ્પમાં જોડાવા ઈચ્છુક લોકોએ વહેલા તે પહેલાંના ધોરણે નામ નોંધાવી લેવા અને વધુ માહિતી માટે : ૭૪૦૫૨ ૬૭૭૨૭, ૮૧૬૦૦ ૬૫૬૨૭ સંપર્ક કરવા જણાવ્યું છે.

## "હેપ્પી રક્તદાન શિબિર"માં ૨૫ યુનિટ્સ રક્ત એકત્ર

### હેપ્પી યુથ ક્લબના ૭માં સ્થાપના દિન નિમિત્તે રક્તદાન શિબિર યોજાઇ : ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને હાજરી આપી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા શ્રી ભુવનેશ્વર મહાદેવ તિર્થના સંયુકત ઉપક્રમે આજે હેપ્પી યુથ ક્લબના ૭મા સ્થાપના દિવસ નિમિત્તે "હેપ્પી રકતદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૫ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું હતું.

સેક્ટર-૬માં શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર સંકુલ ખાતે યોજાયેલી આ શિબિરમાં શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, જાણીતા સામાજિક અગ્રણી વિદ્યા લાયબ્રેરીવાળા પ્રદિપસિંહ વાઘેલા, હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા વગેરેએ પણ રક્તદાન કર્યુ હતું. આ ઉપરાંત મનપાની સ્ટેન્ડીંગ કમિટીના




ચેરમેન જસવંતભાઈ પટેલ તેમજ લોકગાયક ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. દરવર્ષે ઉનાળા દરમ્યાન રકતદાનની પ્રવૃત્તિમાં ઓટ આવતી હોય છે જેના કારણે હોસ્પિટલોમાં બ્લડની અછત વર્તાય છે, આકસ્મિક જરૂરિયાતમંદ દર્દીઓને આ સમયે ખૂબ તકલીફનો સામનો કરવો પડે છે. રક્ત પુરવઠાની આ અછતને પહોંચી વળવા માટે 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. "હેપ્પી રકતદાન શિબિર"માં રકતદાન કરનાર તમામ ૨૫ રકતદાતાઓને સર્ટીફીકેટ તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યાં હતાં. શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા શ્રદ્ધાદીપ બ્લડ બેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી.

## મહર્ષિ અરવિંદ જીવન ચરિત્ર વિશે વક્તવ્ય અને વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સેક્ટર - ૨૩ ખાતે આવેલા શ્રી મહર્ષિ અરવિંદ કેન્દ્રમાં મ્મ૭/સ્મ૭ કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રી મહર્ષિ અરવિંદના જીવન ચરિત્ર અને માતાજીની સંવેદનાઓ પર ખૂબ સરસ વક્તવ્ય અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોને રસ પડે એવી શૈલીમાં આખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો અને કેન્દ્રના ચેરમેન ડૉ. તન્ના, પરમાર, પીઠડિયા, આર. સી. શાહ, પારૂલ મહેતા દ્વારા યુવાનોને જ્ઞાન અને ઉત્સાહ પ્રેરક વક્તવ્ય આપવા આવ્યું હતું. આ વર્કશોપમાં યુવાનો મહર્ષિ અરવિંદના ઉદાહરણ દ્વારા રાષ્ટ્રીય ઉત્થાન માટે કાર્યરત થાય એવો ઉદ્દેશ હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ અને તમામ આમંત્રિતો માટે અલ્પાહાર નું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આયુર્વેદ ચિકિત્સાલયમાં સગર્ભા બહેનોના સ્વાસ્થ્ય માટે કરાયો વૈદિક યજ્ઞ

ગાંધીનગર, તા.૧૯

તેજસ્વી સંતાનના જન્મ થકી તેજસ્વી ભારતના નિર્માણ માટે કાર્યરત્ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સગર્ભા બહેનોના સ્વાસ્થ્ય માટે ૧૯મી મેને ગુરુવારના રોજ વૈદિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. 'સગર્ભા બહેનોને ગર્ભસંસ્કાર આપવાની સાથે તેઓનું સ્વાસ્થ્ય પણ ઉત્તમ રહેવું જોઈએ, તો જ તેજસ્વી અને તંદુરસ્ત સંતાનનો જન્મ થશે' – યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે આપેલી આ પ્રેરણાને અનુસરીને તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર દ્વારા યજ્ઞનું આયોજન કરાયું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અશ્વિની આયુર્વેદ ચિકિત્સાલય ખાતે આયોજિત આ ગાયત્રી યજ્ઞમાં, યુનિવર્સિટીમાં ગર્ભસંસ્કાર માટે આવતી સગર્ભા બહેનો જોડાઈ હતી. ગાયત્રી પરિવારના તૃપ્તિબહેન સમજાવ્યું હતું. તેમણે કહ્યું કે, ગર્ભાવસ્થામાં યજ્ઞ કરવો સ્વાસ્થ્ય માટે ઉત્તમ રહે છે, સાથે



પટેલે યજ્ઞની વિધિ ઑનલાઈન કરાવી હતી. જેને અનુસરતાં બધી બહેનોએ શાસ્ત્રોકત વિધિવિધાન મુજબ યજ્ઞ કર્યો હતો. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં, તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના વડા ડૉ. રાકેશ પટેલની રાહબરીમાં આ યજ્ઞ સંપન્ન થયો હતો. યજ્ઞના સંયોજક તરીકે તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના પરામર્શક રાજશ્રીબહેન પટેલે ભૂમિકા ભજવી હતી. યજ્ઞ પૂર્વે ચિકિત્સાલયના ડૉ. વૃંદન જયસ્વાલે સગર્ભા બહેનોને યજ્ઞનું વૈજ્ઞાનિક મહત્ત્વ તેનાથી વાત-પિત્ત-કફ જેવા દોષો સપ્રમાણમાં રહે છે. નોંધનીય છે કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સગર્ભા બહેનોને ગર્ભસંસ્કારની સાથે વૈદ્યકીય માર્ગદર્શન અને ઔષધ મળી રહે તે માટે અશ્વિની આયુર્વેદ ચિકિત્સાલય શરૂ કરવામાં આવ્યું છે. જેમાં બહેનોને ગર્ભાવસ્થામાં શું કાળજી રાખવી, કેવો ખોરાક લેવો, જરૂર પડ્યે કયા ઔષધ લેવા તેનું માર્ગદર્શન ડૉ. વૃંદન જયસ્વાલ દ્વારા અપાય છે, તેમજ જે નવવિવાહિત યુગલો સંતાનના જન્મનું આયોજન કરી રહ્યા છે, તેમને પણ તેજસ્વી સંતાનના જન્મ અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પ્રધાન લાલુમોહન હરીભાઈ**, ઉ.વ. ૬૦, સેક્ટર-૭
- **સ્વ. ઠાકોર અંબાલાલ બેચરજી**, ઉ.વ. ૭૦, પેથાપુર
- **સ્વ. વાઘેલા અજયસિંહ ભરતસિંહ**, ઉ.વ. ૨૪, સેક્ટર-૨૨

# ઘુંઘટ હોટલ પાસેના રેલવે ફાટકે વારંવાર ટ્રાફિકજામની સમસ્યા

## રાંધેજા રોડ પર વિકાસને પગલે સતત ટ્રાફિકમાં થઈ રહેલો વધારો દિવસમાં અનેકવાર ટ્રાફિક જામથી વાહનચાલકોને હાલાકી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર રાંધેજા તરફ જવાના મુખ્ય માર્ગે ઘુંઘટ હોટલ પાસેના રેલ્વે ફાટકે હવે ટ્રાફિકમાં વધારો થતાં આમ પણ મુશ્કેલી પડી રહી છે. વળી, આ રેલ્વે ફાટક દિવસમાં ત્રણથી ચાર વાર બંધ થાય છે જેના કારણે વાહનોની ખૂબ લાંબી લાઈન લાગી જાય છે. ખાસ કરીને દરરોજ સવાર અને સાંજ બે સમયે પીક અવર્સમાં ટ્રાફિક જામની ત્રાસજનક સ્થિતિ સર્જાઇ રહી છે જેના પગલે આ રેલ્વે ફાટકે ઓવરબ્રિજ બનાવાય તેવી માંગ પણ આ વિસ્તારના સ્થાનિક રહીશો અને વ્યવસાયકર્તાઓમાં પ્રવર્તી રહી છે.

છેલ્લાં કેટલાંક સમયથી ગાંધીનગર શહેરનો વિકાસ ઝડપી બન્યો છે અને મહાનગરપાલિકામાં વોર્ડ



નં.૧માં સમાવેશ બાદ સમગ્ર રાંધેજા વિસ્તારમાં નવી ટીપીઓ વિકસિત થઈ રહી હોવાથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે નવી અનેક રહેણાંક તેમજ કોમર્શિયલ સ્કિમો બની રહી છે. સતત વિકસી રહેલા આ વિસ્તારમાં જુના ગાંધીનગર શહેર સાથે જોડતો આ મુખ્ય માર્ગ પર દિન પ્રતિદિન ટ્રાફિકમાં ખૂબ વધારો થઈ ગયેલો નોંધાઈ રહ્યો છે. આ સ્થિતિમાં ઘુંઘટ હોટલ પાસેનું રેલ્વે ફાટક બંધ હોય ત્યારે વાહનોની લાંબી કતારો લાગી જાય છે. અહીંથી થર્મલ પાવર સ્ટેશન માટે કોલસાની માલગાડીઓ ૫૦થી વધુ કન્ટેનર્સ સાથે પસાર થાય છે જે પાવર સ્ટેશન નજીક હોવાથી ધીમી પડી જાય છે જેના કારણે પણ ફાટક ખુલવામાં ખૂબ વાર લાગે છે. ખાસ કરીને પિકઅપ અવર્સમાં દરરોજ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડે છે. આ માર્ગ પર રેલ્વે ફાટકે ઓવરબ્રિજ બનાવાય તેવી માંગ આ વિસ્તારના રહીશો અને વ્યવસાયકારોમાં બળવત્તર બનતી જઈ રહી છે.


## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



ધૃમિન રાજેશ પટેલ
મો. ૯૯૯૮૪ ૦૦૯૫૦



જીયાન મણિયાર



ડો. પ્રેરક ત્રિવેદી



નરેશકુમાર કે ખાચર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



તરુણકુમાર શુક્લા
રિયાર્ડ સ્ટેટ બેંક ઓફિસર
મો. ૯૮૨૪૦ ૫૭૪૧૦



નીતા મનિષકુમાર દલાલ



ક્રિષ્ના રૂપાલા
મો. ૯૮૨૪૫ ૨૯૪૧૦



જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



શિવાય રાકેશકુમાર વાળંદ